અપીલ અરજી નં.૯૮ તા.૬–૭–૦૯/૧૦

અરજદાર: શ્રી હાજરાબીબી અબ્દુલ કાદર
સામાવાળા: શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલઝોન

## *ફરીયાદની હકીકત:–*

***વિષય:***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હાજરાબીબી અબ્દુલ કાદરની તા.૧૭–૬–૦૯ ની રજીથી (૧) રીવીઝન એટલે શું? તે કયારે અને કેવી રીતે થાય છે? (૨) ટેના નં.૦૨બી–૦૧– ૧૧૨૧ –૦–૦૦૪ વાળી મિલ્કતનું છેલ્લા ૧૬ વર્ષમાં કેટલીવાર રીવીઝન થયેલ છે? (૩)મિલ્કતની આકારણી કરવાની કાર્યવાહીના પરિપ્રેક્ષ્યમાં સ્થળ તપાસનો અર્થ સમજાવશો? (૪) નોટીસમાં જણાવ્યા મુજબ ભાડા રસીદફરજીયાતપણે અને અનિવાર્યપણે રજુ કરવી પડશે? વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૬–૭–'૦૯ ની અપીલ અરજી નં.૯૮/૨૦૦૯–૧૦

શ્રી હાજરાબીબી અબ્દુલ કાદરની તા.૧૭–૬–૦૯ ની અરજીથી (૧) રીવીઝન એટલે શું? તે કયારે અને કેવી રીતે થાય છે? (૨) ટેના નં.૦૨બી–૦૧– ૧૧૨૧ –૦–૦૦૪ વાળી મિલ્કતનું છેલ્લા ૧૬ વર્ષમાં કેટલીવાર રીવીઝન થયેલ છે? (૩)મિલ્કતની આકારણી કરવાની કાર્યવાહીના પરિપ્રેક્ષ્યમાં સ્થળ તપાસનો અર્થ સમજાવશો? (૪) નોટીસમાં જણાવ્યા મુજબ ભાડા રસીદ ફરજીયાતપણે અને અનિવાર્યપણે રજુ કરવી પડશે? વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧,૨ અને ૪ અંગે પત્ર નં.એ આર.ડી/૩૩ તા.૨૪–૬–૦૯ થી મળેલા પ્રતિભાવ અધૂરી અને અસ્પષ્ટ માહિતી ધરાવતો હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૭–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા /ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૩૮૬ તા.૧૫–૭–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન તથા અરજદારને જાહેર માહિતી અધિકારીએ જણાવેલ જોગવાઈઓની માહિતી વેબસાઈટ કે જાહેર માહિતિ અધિકારીના સંપર્ક ધ્વારા મેળવેલ છે કે કેમ? તેની વિગતો જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/એઆરડી/૩૩ તા.૨૪–૭–૦૯ થી અત્રેના વિભાગને માહિતી પુરી પાડવામાં આવેલ. જયારે અરજદાર તરફથી તા.૨૪–૭–૦૯ ના પત્રથી માહિતી પુરી પાડેલ જેમાં વેબસાઈટ કે જાહેર માહિતી અધિકારીનો સંપર્ક કે અન્ય કોઈ પણ માધ્યમથી માહિતી મેળવેલ નથી તેવું જણાવેલ.

અરજદારની તા.૧૭–૬–૦૯ ની અરજીથી (૧) રીવીઝન એટલે શું? તે કયારે અને કેવી રીતે થાય છે? (૨) ટેના નં.૦૨બી–૦૧ – ૧૧૨૧ –૦–૦૦૪ વાળી મિલ્કતનું છેલ્લા ૧૬ વર્ષમાં કેટલીવાર રીવીઝન થયેલ છે? (૩)મિલ્કતની આકારણી કરવાની કાર્યવાહીના પરિપ્રેક્ષ્યમાં સ્થળ તપાસનો અર્થ સમજાવશો? (૪) નોટીસમાં જણાવ્યા મુજબ ભાડા રસીદ ફરજીયાતપણે અને અનિવાર્યપણે રજુ કરવી પડશે? વિગેરે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતિ અધિકારી ધ્વારા પત્ર નં.એ.આર.ડી./૩૩ તા.૨૪–૬–૦૯ થી માહિતી પુરી પાડેલ હોવાનું જણાય છે. જેમાં પેરા–૧ બાબતે રીવીઝન એટલે જે તે મિલ્કતની ફેરતપાસણી આ રીવીઝન સને ૧૯૪૯ ના મુંબઈ પ્રાંતીય મહાનગરપાલિકાઓનાં અધિનિયમ અનુસુચિ–'ક' નાં પ્રકરણ–૮ ના નિયમ–૨૧(૨) મુજબ કરવામાં આવે છે. પેરા–૨ બાબતે ટેના નં.૦૨બી–૦૧– ૧૧૨૧ –૦–૦૦૪ વાળી મિલ્કતનું છેલ્લા ૧૬ વર્ષમાં ઓછામાં ઓછું ચાર વખત રીવીઝન કરવામાં આવ્યાનું અત્રેના રેકર્ડ ઉપર છે. પેરા –૩ બાબતે મિલ્કતની આકારણીની કાયવાહીમાં પરીક્ષેત્રમાં સ્થળતપાસ એટલે મહાનગરપાલિકાના અધિકૃત અધિકારી/કર્મચારી ધ્વારા સ્થળ ઉપર જઈ જે તે મિલ્કતમાં આકારણી સંદર્ભે કરવામાં આવતી તપાસ. પેરા–૪ બાબતે નોટિસમાં જણાવ્યા મુજબ સુરત મહાનગરપાલિકાનં આકારણી દફતરે કાયદેસરનાં ભાડુત દાખલ કરવા માટે ભાડા કરાર તથા ભાડા રસીદ રજુ કરવી આવશ્યક છે. એમ જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં મુદ્દા નં.૧ થી ૪ પૈકી મુદ્દા નં.૧,૨, અને ૪ ની માહિતી અધૂરી અને અસ્પષ્ટ હોવાનું જણાવેલ છે. જયારે પૂરક પત્ર તા.૨૪–૦૭–૦૯ ધ્વારા વેબસાઈટ કે જાહેર માહિતી અધિકારીના સંપર્ક ધ્વારા માહિતિ નહીં મેળવેલ હોવાનું જણાવી તેની વિગતોની તર્ક બધ્ધતા અંગે પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા કાયદાની જોગવાઈ સંદર્ભે માહિતિ આપેલ હોય ત્યારે સ્વયં જાહેર કરવા યોગ્ય માહિતિ પૈકી તેનો સંદર્ભ કરવા અરજદારને તક છે. જે તેમણે મેળવેલ જણાતી નથી. જયારે જાહેર માહિતી અધિકારી ધ્વારા પૂરક વિગતોમાં તા.૨૪–૭–૦૯ ના પત્ર ધ્વારા તે પણ જણાવેલ છે કે તા.૪–૬–૦૯ ના પત્ર અન્વયે અરજદાર ભાડૂઆતના પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જતાં સ્થળ તપાસ આધારે અરજદારનું નામ હયાત ભાડૂત સાથે દાખલ કરવામાં આવેલ છે. આમ જાહેર માહિતી અધિકારી તરફેની પૂરક વિગત જોતાં અરજદારની તકરાર નું નિવારણ પણ થયેલ માનવાને કારણ છે.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૭–૬–૦૯ની અરજી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી ફરીયાદની હકીકતમાં ઉપર નિર્દિષ્ટ વિગતે ઉપલબ્ધ માહિતી અરજદારને પૂરી પાડેલ છે. અરટીઆઈ એકટની કલ–૨(એફ) અને ૨–(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ઉપલબ્ધ દફતરી માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ માહિતી પુરી પડાયેલ છે જેથી અપીલ અરજી અંગે કશું કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૯.

***ડે.કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન.....જાણ તથા અમલ માટે.
(૨) શ્રીમતી હાજરાબીબી અબ્દુલ કાદર મલેક